જગત-કલ્યાણકારી ભાવના

જગત-કલ્યાણકારી ભાવના ભજન-શ્રુત,
અવકાશી ઘંટનું અલૌકિક લોલક છું. -જગત....

અલૌકિક વિદ્યાલયે દેહ આત્મ ભિન્ન સ્વયં,
શબ્દે શબ્દે પી.એચ.ડી.નો 'હું' મહાનિબંધ છું.

જ્ઞેય હેય, ઉપાદેય, પરચ્છેદી પરાક્રમ,
જ્ઞાનનો નિચોડ મૂર્ત અરિહંત ઉપાસ્ય છું. -જગત....

ત્રિ-કરણ પોટલાંનાં લફરાંની લૂંઘાઈ છતાં,
લબાડોના નખરાં-પોલ, જાણી જોઈ 'અસંગ' છું.

ત્રિ-મંત્રે કુરબાન અહા, સામ-સામા ખુદા-અલ્લા,
ત્રિ-કરણ તરન્નુમ, ફિદા-ફિદા-ફિદા છું. જગત....

ગદ્ય-પદ્ય-સંગીત, આત્માર્થે હિતકર,
જ્ઞાન-વીણા-ધારિણી, સ્વર-શ્રુતિ-સંકેત છું.

અ-ક્રમિક નિશ્ચયી 'સાતસો ને એક સ્વર',
મોક્ષગામી મહાત્માનો પૂર્વાપર સંબંધ છું. -જગત....

દ્રવ્ય-ભાવ-ક્ષેત્રથી, શૂન્ય-પૂર્ણ અ-કર્તા
સ્વાનુભવ પરિણામ 'કેવળ-જ્ઞાન' છું.

• • •